# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**વંચાણે:– અત્રેની કચેરીનો પરિપત્ર: જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૬૭/૨૦૨૬ તા. ૦૬/૦૧/૨૦૨૬.**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે રીવાઈઝડ આવકવેરા Declaration Form રજુ કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ, નાણા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તથા અત્રેની યુનિવર્સિટી ખાતે CAS યોજનાનો લાભ પ્રાપ્ત કરેલ તમામ કર્મચારીશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, વંચાણે લીધેલ પરિપત્ર અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો આવકવેરાનું Declaration Form ફેબ્રુઆરી પેઇડ ઇન માર્ચ માસના પગાર બીલ સાથે રજુ કરવા અગાઉથી સૂચના આપવામાં આવેલ હતી.

પરંતુ ત્યારબાદ અનેક કર્મચારીઓના કેરિયર એડવાન્સ (CAS) યોજના અંતર્ગત તફાવત બીલોનું ચુકવણું અત્રેથી કરવામાં આવેલ છે તેમજ તા. ૩૧/03/૨૦૨૬ સુધીમાં ચુકવણાં કરવામાં આવશે. આથી, જો આવા તફાવત બીલો અંગેની માહિતી ફેબ્રુઆરી પેઇડ ઇન માર્ચ માટે રજુ કરાયેલ આવકવેરાના Declaration Form માં દર્શાવેલ ન હોય, તો સંબંધિત તમામ કર્મચારીઓએ કેરિયર એડવાન્સ (CAS) યોજના હેઠળ પ્રાપ્ત થયેલ તફાવત રકમને ધ્યાનમાં લઈ રીવાઈઝડ આવકવેરા Declaration Form જ્યાંથી તેઓને ફેબ્રુઆરી પેઇડ ઇન માર્ચ માસનો પગાર પ્રાપ્ત થયેલ હોય તે કચેરીએ રજુ કરવાનું રહેશે.

આ ઉપરાંત, ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીએ આવા રજુ થયેલ રીવાઈઝડ આવકવેરા Declaration Form ની વિગતો નક્કી કરાયેલ સમયમર્યાદામાં યુનિવર્સિટી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ Chartered Accountant ને Form No. 16 ઇશ્યુ કરવા માટે રજુ કરવાની રહેશે.

વધુમાં, જો કોઈ કારણસર કોઈ કર્મચારીના પગાર/તફાવત બીલ માંથી આવકવેરાની કપાત ઓછી થયેલ હોય, તો સંબંધિત કચેરીના ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીએ તે અંગે કર્મચારીને લેખિત રીતે જાણ કરી યુનિવર્સિટીના **TAN No. AHMT09048E હેઠળ જ TDS ની બાકી રહેલ રકમ જમા કરાવવા સૂચિત કરવાનું રહેશે** તથા તેની પુષ્ટિરૂપ આધાર મેળવી ફાઇલમાં નોંધ રાખવાની રહેશે, જેથી ભવિષ્યમાં આવકવેરા વિભાગ તરફથી કોઈ ડિમાન્ડ પ્રાપ્ત થાય તો તેનું યોગ્ય નિરાકરણ કરી શકાય.

**આ બાબતની સર્વે દ્વારા નોંધ લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.**

**હિસાબ નિયામક**

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૭૧૯/૨૦૨૬**
**નવસારી, તા. ૧૦/03/૨૦૨૬**

**નકલ સવિનય રવાના (ઇ-પરિપત્ર દ્વારા):–**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) આ યુનિવર્સિટીના તમામ નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) આ યુનિવર્સિટીના ખાતેથી CAS યોજનાનો લાભ મેળવેલ તમામ કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.